# મહેસાણા જિલ્લાની પ્રાચીન વાવ

**ચૌહાણ અસ્મિતાબેન નટવરલાલ, Phd. Student, H.N.G.Uni.Patan.**

પાણી વિના જીવન સંભવ નથી એટલે પાણી એ જ જીવન છે. સંસ્કૃત ભાષામાં જીવન શબ્દનો અર્થ પાણી થાય છે. જળમાં જીવસૃષ્ટિના અસ્તિત્વને ટકાવવાનો ગુણ છે. પાણી માટે નીર, વારિ,અંબુ, સલિલ, જળ ઇત્યાદિ શબ્દો છે, જે દરેકનો વિશિષ્ટ અર્થ પણ થાય છે.[૧]

ભારત જેવા ખેતી પ્રધાન દેશમાં દર વર્ષે ચોમાસાના વરસાદ ઉપર લોકજીવન અને અર્થતંત્રનો ઘણો બધો આધાર રહે છે. એમાં દુષ્કાળના વર્ષો આવે ત્યારે તો પ્રજાની નૈતિક હિંમત તૂટી જાય છે. આવા સંજોગોમાં જળાશયો પ્રાકૃતિક અને માનવસર્જિત સંસ્કૃતિના ઉદ્દભવ અને પોષણમાં અમૂલ્ય ફાળો આપે છે.

આપણી જાગૃતિ પૂરતા પ્રમાણમાં ન હોવાથી કૂવા, વાવ, તળાવો, સરોવરો, નદીઓ, સમુદ્રકિનારા જે આપણી સંસ્કૃતિ અને સંસ્કારોનો વારસો છે, ત્યાં કચરો ઠાલવવાનું જાણે અધિકૃત સ્થાન હોય એમ ચાલે છે. પ્રશાસનીય નીતિનિયમો અને દંડનીય જોગવાઇ હોવા છતાં ત્યાં કોઇ રોકટોક કરનારું હોતું નથી.[૨]

મહેસાણા જિલ્લો ગુજરાત રાજયમાં મધ્ય સ્થાને આવેલો છે. જિલ્લાની પુનઃરચના થતાં આજનો મહેસાણા જિલ્લો તેમાં (૧) મહેસાણા (૨) કડી (૩) વિજાપુર (૪) વિસનગર (૫) વડનગર (૬) ખેરાલુ (૭) સતલાસણા (૮) બેચરાજી (૯) ઉંઝા (૧૦) જોટાણા (૧૧) ગોઝારીયા તાલુકાનો સમાવેશ થાય છે.[3]

**જળાશયોના પ્રકાર:** જળાશયોના બે પ્રકાર છે. (૧) કુદરતી જળાશયો (૨) માનવરચિત જળાશયો.

સામાન્ય રીતે પ્રત્યેક નગર કે ગામ નજીક કુદરતી જળાશયનું સાધન હોય છે. નદી, સરોવર, તળાવ, જયાં કુદરતી જળાશયની સુવિધા ન હોય ત્યાં કૃત્રિમ જળાશયની રચના કરવામાં હોય છે જેવા કે વાવ, કૂવા, કુંડ, તળાવ, સરોવર, વગેરે હડપ્પા કાલથી માંડીને ૧૯ મી સદી સુધીમાં આપણે ત્યાં વાવ, કૂવા, તળાવો, કુંડોનું નિર્માણ થતું રહયું છે. આવા જળાશયો આજે પણ વપરાશમાં છે.

વાસ્તુ શાસ્ત્રના ગ્રંથોમાં ચાર પ્રકારની વાવની રચના કરવા જણાવેલ છે.

(૧) નંદા - એક મુખ અને ત્રણ ફૂટ

(૨) ભદ્રા - બે મુખ અને છ ફૂટ

(૩) જયા - ત્રણ મુખ અને નવ ફૂટ

(૪) વિજયા - ચાર મુખ જેના પર ફૂટ હોતા નથી.

ગુજરાતના સ્થાપત્યની આગવી વિશિષ્ટતાએ વાવની રચના છે. શિલ્પ સ્થાપત્ય અને ઐતિહાસિક અગત્યની ગણાય એવી ગુજરાતમાં ત્રણસોથી વધુ વાવો છે. વાવના સ્થાપત્યના અંગો મુખ્યત્વે નાળ, કૂવો, ચોકી, પગથિયા, ગવાક્ષો વગેરે છે. વાવનું બાંધકામ ખૂબજ મજબૂત રીતે પથ્થરનું કરવામાં આવતું. સલ્તનકાળ પછી વાવના બાંધકામમાં પથ્થર ઉપરાંત ઇંટેરી બાંધકામ થવા લાગ્યા. ચણતરમાં રેતી અને ચૂનાનો વપરાશ થતો. ઊંડી, લાંબી વાવના પગથિયાં સીધા(સળંગ) ન રાખતાં વચ્ચે પડથાર રાખવામાં આવતા. જેથી શ્રમ ઓછો પડે અને અકસ્માત ઓછો થાય. મુખ્ય ચાર પ્રકારની વાવ ઉપરાંત ખુણાવાળી, નાળવાળી વાવની રચના પણ જોવા મળે છે. આમાં પણ ત્રણ પેટા પ્રકાર પડે છે.

(૧) પ્રવેશનો ભૂજ ટૂંકો અને કૂવાનો ભુજ લાંબો

(૨) સમભૂજ

(૩) પ્રવેશનો ભૂજ લાંબો અને કૂવાનો ભુજ ટુંકો.[૪]

<u>વાવ :</u>

વાવને સંસ્કૃતમાં વાણી કે વાપિકા કહે છે. અંગ્રેજીમાં ટ્રેપ્પન બ્રુનનેન, હિંદીમાં બાવડી, બાવલી કે બાઇ અને ગુજરાતીમાં વાવ, વાવડી કે વાઇના નામે તેને ઓળખવામાં આવે છે. એક વાવ દસ કૂવા બરાબર અને દસ વાવ એક તળાવ ખોદાવ્યા બરાબર છે એમ કહેવાતું. આથી જન કલ્યાણના હેતુથી પ્રેરાઇને વાવો બંધાતી અને એની પાછળ ધાર્મિક હેતુ તો ખરો જ, તે ઉપરાંત સામાજિક હેતુ પણ હતો. વાવનું બાંધકામ ઘણું ખર્ચાળ હોવાથી રાજાઓ, શ્રેષ્ઠીઓ અને ધનિકો જ બંધાવી શકતા હતા.

વાવનું કેન્દ્ર સ્થાન કૂવો છે, પણ એ કૂવામાં ઉતરવાનાં પગથિયાં સીધા હોય છે. જેથી વાવ એક બાજુ ગોળાકાર હોય એવું લંબચોરસ સ્વરૂપ ધારણ કરતી સામાન્ય રીતે ગુજરાતમાં જોવા મળે છે. ગુજરાતમાં બહુધા નંદા પ્રકારનું વાવ સ્થાપત્ય વિકસ્યું છે.[૫]

**<u>મહેસાણાની બોત્તેર કોઠાની વાવ:</u>**

મહેસાણાથી પૂર્વમાં પરા વિસ્તાર પછી સ્મશાની સાથે આ ઇંટેરી વાવ આવેલી છે, જે સ્થાનિક લોકોમાં બોત્તેર કોઠાની વાવ તરીકે ઓળખાય છે. આ વાવનું બાંધકામ જોતાં આ વાવ બાબુરી સમયમાં નિર્માણ પામી હોય તેમ જણાય છે. આ વાવને એક પ્રવેશદ્વાર અને કૂટ તથા અર્ધકૂટ મળી ૧૧ મજલા ધરાવે છે. પશ્ચિમાભિમુખ વાવના પ્રવેશથી બીજા છેડે એકબીજાથી જોડાયેલ કૂવાની રચના છે. ગાયકવાડ સમયમાં સુધારા-વધારો થયેલ જણાય છે.[૬]

**<u>હીરાવાવ – વિસનગર :</u>** આ વાવ દીપરા દરવાજા બહાર જતાં પાસે સીધા રસ્તે જમણા હાથે આવેલી છે. આ વાવ તદ્દન પથ્થરોથી બાંધેલી છે. કોસ માટે આઠ થાળાં છે. એટલે આઠ કોસથી પાણી કાઢવું હોય તો કાઢી શકાય તેવી ગોઠવણ કરેલી છે. હીરાવાવ નામા શાથી પડયું? તેની ઉત્પત્તિ સંબંધી દંતકથા સાંભળવામાં આવી નથી. હાલમાં આ વાવ પાસે ગટરનું પાણી એકઠો કરવાનો માટો કૂવો બનાવેલ છે.

**<u>ખારી વાવ – વિસનગર :</u>**

આ વાવ સવાલા દરવાજા પાસે કાળકા માતાજીના મંદિર પાસે આવેલી છે. આ વાવનું કામ પથ્થર વડે કરેલું છે. આ વાવના અંદરના ભાગમાં અંધારું પડતું હોવાથી આ વાવ ભયંકર લાગે છે. કેટલાક પથ્થરના પાટ તૂટી ગયા છે. આ પડી જાય તેવા ઘસાઇ ગયાં છે. તેના ઉપર કોસ ખેંચવાને માટે બે મોટા થાળા બનાવેલ છે. આ વાવનું પાણી ખારું હોવાથી તેનું નામ ખારીવાવ પડેલું છે.

**<u>ઉમતાની વાવ – ઉમતા: કુંડવાવ</u>** વિસનગર તાલુકાના ઉમતા ગામે કુંડવાવ આવેલ છે. જેમાં કુંડને સંલગ્ન કૂપની રચના હોય છે. જયાંથી પાણી કુંડમાં આવી શકે છે. તેવી રચના હોય છે. ઉમતા મુકામે આવેલી કુંડવાવમાં સમચોરસ કુંડમાં નીચે ઉતરવા એકાંતરે સમતલ અને સવ્યાપસવ્ય સોપાન શ્રેણીની રચના છે. કુપ અને કુંડના સંધાન ભાગે હાલ ચાર કૂકુટ જોવા મળે છે. જેમાં માઢને ટેકવતા દ્વિભિતા સ્તંભોની શિરાવટીમાં આવેલ કિચક/કુંડવાવનું એકમાત્ર અલંકૃત અંગ છે. આ કુંડવાવ ઇ.સ.ની ૧૦ મી સદીમાં નિર્માણ થયેલ જણાય છે.[૭]

**<u>પંચમ મહેતાની વાવ :</u>** આ વાવ પથ્થર બંધ છે. આ વાવનો દેખાવ વિશાળ અને ભવ્ય છે. ગુજરાતની આ વાવ ઘણી પ્રસિધ્ધ બની છે. આ વાવ લાંબી, ઊંડી, વિશાળ પથ્થરોમાં કલાત્મક કોતરણી

કામ સાથે બનેલી છે. એક હજાર વર્ષથી પણ પ્રાચીન આ જળ સંગ્રહ સ્થાન વડનગરના વહીવટદાર નાગર ગ્રહસ્થ પશ્ચિમ મહેતાએ બંધાવ્યું હતું. આ વાવમાં ઉતરવા માટે મુખ સિવાય બંને બાજુએ અલગ અલગ પગથિયા છે. ગુજરાતમાં આવેલી બીજી પૌરાણિક વાવો કરતાં આ વાવની વિશેષતા એવી છે કે તે ત્રણ કૂવા ધરાવે છે મોટેભાગે વાવમાં સાતખંડની ઊંડાઇ ધરાવતો એક કૂવો છે. જયારે આ વાવમાં ત્રણ કૂવાની બાંધણી દેખાય છે. એક કૂવો પુરી દેવામાં આવ્યો છે આ વાવ સાત માળની છે. તેના દરેક માળે અને પગથિયે પગથિયે જે કોતરકામ થયું છે. તેના કારણે સમગ્ર બાંધણી ભવ્ય લાગે છે.

**<u>લટેરી વાવ – વડનગર:</u>** આ વાવ સિપોર જવાના જ રસ્તે રેલ્વે ફાટકની ડાબી બાજુએ આવેલા અંબાજી માતાના મંદિરે થી આશરે ૨૦૦ મીટર દૂર આ વાવ આવેલી છે જે પથ્થરના ચણતર વડે ૬૦ થી ૭૦ ફૂટ ઊંડી ખુલ્લી વાવ છે.

**<u>ભાલેશ્વર વાવ – વડનગર:</u>** આ વાવ ઇંટોના ચણતર વાળી છે. તે ખુલ્લી વાવ છે. તેની ઉંડાઇ ૬૦ થી ૭૦ ફૂટ છે.

**<u>વીર મહારાજની વાવ – વડનગર:</u>**

વડનગર તાલુકાના શોભાસણ ગામ ખાતે ગામની પૂર્વ બાજુએ વીર મહારાજની વાવ આવેલી છે,જે પથ્થરના ચણતરથી કરવામાં આવી છે. તેની ઉંડાઇ આશરે ૬૨ ફૂટ જેટલી જણાય છે. તે ખુલ્લી વાવ છે.[૮]

**<u>મહાદેવ મંદિર પાસેની વાવ – મહેશ્વરપુરા (તા. વિજાપુર):</u>** આ વાવ ઘણી મોટી છે. આ વાવને મુખ્ય સાત દરવાજા છે. આ વાવમાં ઉતરવા માટે પગથીયાની વ્યવસ્થા છે. પ્રથમ દરવાજાથી વાવમાં ૨૦ દરવાજા છે. બીજા દરવાજે ૧૦ પગથિયા છે. ત્રીજા અને ચોથા દરવાજે ૯, ૯ પગથિયા છે. આ વાવ નયનરમ્ય છે.

**<u>મોઢેરાની વાવ</u>**:મોઢેરા ગામની પશ્ચિમે સૂર્ય મંદિર જવાના માર્ગની નજીક ઉત્તર દિશામાં રેતિયા પથ્થરમાંથી નિમાયેલી આ વાવ આવેલી છે. આ વાવ એક પ્રવેશમાર્ગ અને ત્રણ મજલા ધરાવે છે. ખંડ મજલાવાળો નારાળી આ વાવ તેના કેટલાક વિશિષ્ટ ભાગોને કારણે નોંધપાત્ર છે. એકાંતરે સોપાન શ્રેણી અને કોઠાની રચના છે. ભીંત સ્તંભોની કુંભી સાદી છે. જ્યારે મહેલો ઉપરના ભારપટ્ટ પર ગ્રાસ મુખનાં

અંકન છે. કૂપની દિવાલોમાં ઉપરના ભાગે ફૂલવેલ ભૌમિતિક ભાતથી અલંકૃત મહેલોની રચના છે. આ સ્થાપત્ય ભાગની બાહ્ય દિવાલોનાં વેદી બંધના વળાંક, દ્વારશાખા તથા કુટીરના કુટછાધ પરના મધ્યભાગે આવેલ પર્ણ વિકસિત શૈત્યબારી ભાતના અંકનના તથા વૈદિકના પધ્મપત્ર ઘાટ સૂચક છે. જે મૂળ વાપીના સમય કરતાં પ્રાચીન હોવાનું સ્પષ્ટ જણાય છે. આ વાવની ઊંડાઇ ૪૦ ફૂટ જેટલી છે.

**વલ્લભભટ્ટની વાવ – બેચરાજી**: આ વાવ આશરે ૩૫૦ વર્ષ પૂર્વ ભકત શિરોમણી શ્રી વલ્લભભટ્ટની યાદમાં બનાવેલ છે. આ વાવ ભટ્ટજીની યાદરૂપે તેમના સંઘમાંથી વિલોચંદ વણિકે બંધાવી હતી.[૯]

**નીલકંઠ વાવ – ટીંબા :** આ વાવ સતલાસણા તાલુકાના ટીંબા ગામે આવેલી છે. આ વાવનો સ્થાપના સમય આશરે ઇ.સ. ૧૮૩૦નો ગણાય છે. આ વાવનું નામ જલમંદિર (વાવ) પણ છે. આ વાવ ૫૦ ફૂટ ઊંડીવાવ છે.

**તારણ – ધારણ વાવ – ટીંબા :** આ વાવ સતલાસણા તાલુકાનાં ભીમપુરની સામેની બાજુના રોડ પર આવેલી છે. જેની નજીકમાં તારણ-ધારણ માતાનું મંદિર (ગુફા) આવેલી છે. આ વાવનું નામ તેના પરથી પડેલું જણાય છે. તેના સ્થાપત્યકાળ આશરે ૧૮૨૦-૨૫ સુધીનો મનાય છે.

**અંબાજી માતાની વાવ – વાવ** : આ વાવની ઊંડાઇ ૪૪ ફૂટ જેટલી છે. આ વાવનું પાણી પીવા માટે વપરાય છે. તેનો સ્થાપત્યકાળ આશરે ૧૬મી સદીનો છે.

**ઝાલોર સાત કોઠાની વાવ – ઝાલોર**: કડી તાલુકાનાં ઝાલોર ગામના બસ સ્ટેંન્ડ પાસે આવેલ તળાવની વચ્ચે આ વાવ જોવા મળે છે. જે હાલ ખંડેર હાલતમાં છે. વાવને એક છેડે ઘુંમટ આવેલો છે. આ ઘુંમટની સામેની બાજુ એક અવાવરૂ કૂવો આવેલો છે. લોકવાયકા મુજબ ઝાલોરની આ વાવ ૫૦૦ વર્ષ જુની આહિરો વખતની તળાવ વચ્ચે ખોદાવવામાં આવેલી હતી. આ વાવ ઇંટોથી ચણતર કરી પગથિયાવાળી વાવ બનાવેલ છે.

**દિવાનજીના ધાબાની વાવ – કડી:** આ વાવ ૫૦૦ થી ૬૦૦ વર્ષ પૂર્વે પાણીની અછત નિવારવા માટે આ વાવ પથ્થરના ચણતરવાળી બનાવેલ છે. સમય જતાં આ વાવ પુરાઇ જતાં બે મીટર જેટલી ઊંડાઇ રહેવા પામી છે.[૧૦]

* <u>પાદટીપ</u>


(૧) રામજીભાઇ સાવલિયા, "સંસ્કૃતિ અને કલા", અમદાવાદ, ૨૦૦૯. પૃ.૬૪.

(૨) રમણલાલ ડી. પાઠક, "ગુજરાતના જળાશયો", વડોદરા, ૧૯૯૭,પૃ. ૧૦-૧૧.

(૩) એન. એ. પરમાર, "મહેસાણા જિલ્લાનો પરિચય" જિલ્લા માહીતી કચેરી. પૃ.૨.

(૪) મુકુન્દ રાવલ, "ગુજરાતના વાવ-કુવા", પથિક, જુલાઇ-૧૯૭૩. "સૌરાષ્ટ્રના વિખ્યાત વાવ-કુવા", પથિક, જુલાઇ-ઓગષ્ટ, ૧૯૬૮.પૃ.૬૬-૬૮.

(૫) રમણલાલ ના. મહેતા, "પુરાવસ્તુકીય વિધામાં જલસંચય," ગુજરાતી દીપોત્સવી અંક, સંવત-૨૦૨૭,પૃ.૫૪.

(૬) કનૈયાલાલ એ. ભોજક, "મહેસાણા(પ્રાચીન-અર્વાચીન)", મહેસાણા, મ્યુનિસિપાલીટી-૧૯૫૭, પૃ.૨૫.

(૭) મહાસુખભાઇ ચુનીલાલ, "વિસનગર અને વડોદરા રાજ્યની હકીકત", વિસનગર,દ્વિતીય આવૃતિ ૧૯૪૨,પ્ર. ૩૩૯,૩૪૦.

(૮) શૈલેષ રાવલ, "વડનગર વિરાસત નો વૈભવ", અમદાવાદ, ૨૦૦૯.પૃ. ૧૬-૧૮.

(૯) અજય ભાદુ, "વિકાસવાટિકા", કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ, મહેસાણા, ૨૦૦૭.પૃ.૨૪.

(૧૦) ધરોઇ નહેર વિભાગ-૩, કાર્યપાલક ઇજનેર શ્રીની કચેરી, વિસનગર દ્વારા અપાયેલી માહિતી.